નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હેઠળની હંગામી જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવા અંગે..

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૪/૧૧૮૪૫૯/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૦૧/૦૨/૨૦૨૧.

વંચાણે લીધા-

**૧. આ વિભાગના સરખા ક્રમાંકના તા:૧૦/૦૪/૨૦૧૯નો ઠરાવ.**

૨. આ વિભાગના સરખા ક્રમાંકના તા:૨૦/૦૬/૨૦૨૦નો ઠરાવ.

૩. સામાન્ય વહીવટ વિભાગના તા:૦૩/૦૨/૨૦૧૪નો ઠરાવ

**૪.નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૧૫/૦૪/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/૪/૬૯૯/૨૦૨૦/ક.**

પ્રસ્તાવના:-

વંચાણે લીધેલ ક્રમ-૦૧ પરના વિભાગના તા:૧૦/૦૪/૨૦૧૯ના ઠરાવથી, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની વર્ગ-૧ થી વર્ગ-૪ની કુલ-૮૨૯ હંગામી જગ્યાઓને તા.૨૯/૦૨/૨૦૨૦ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમ-૦૨ પરના વિભાગના તા:૨૦/૦૬/૨૦૨૦ના ઠરાવથી વંચાણે લીધેલ ક્રમ-૧ પરના ઠરાવ મુજબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની વર્ગ-૧ થી વર્ગ-૪ની કુલ-૮૨૯ હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમ-૦૩ પરના સામાન્ય વહીવટ વિભાગના તા:૦૩/૦૨/૨૦૧૪ના ઠરાવની જોગવાઇ મુજબ, રાજ્ય સરકારે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર લાગુ પાડ્યુ ત્યારથી જયાં સુધી કેલેન્ડર જીવંત છે ત્યાં સુધી ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ જગ્યાઓને એબેયન્સમાં મૂકવામાંથી કે રદ કરવામાં મુક્તિ આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-૦૪ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના પત્રથી નિયામકશ્રી, અ.જા.કએ કુલ-૮૫૮ હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવા દરખાસ્ત કરેલ હતી.

ઠરાવ:-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તકના ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરમાં સમાયેલ નીચેના પત્રકમાં દર્શાવેલ સંવર્ગો, જેમાં ભરતી કેલેન્ડર અમલમાં આવ્યા બાદ પણ શરતચૂકથી જગ્યાઓ રદ કરવામાં આવેલ હતી, તે અન્વયે નાણાં વિભાગનો પરામર્શ કરતાં, ભરતી કેલેન્ડરમાં નક્કી થયેલ સંખ્યાબળ બાદ ઉભી થયેલ નવી જગ્યાઓને સમાવી નવા સંખ્યાબળ સામે કોલમ નં.૭માં દર્શાવ્યા મુજબની હંગામી જગ્યાઓ મળી કુલ-૭૨૫ હંગામી જગ્યાઓને વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા:૧૫/૦૧/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે તા:૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

પત્રક-૧

| ક્ર | સંવર્ગનું નામ | ભરતી કેલેન્ડરમાં નક્કી થયેલ સંખ્યાબળ | ભરતી કેલન્ડર બાદ નવી જગ્યાઓ ઉભી થતા નવું સંખ્યાબળ | કાયમી જગ્યાની વિગતો | ભરતી કેલેન્ડર પ્રમાણે હંગામી જગ્યાઓ | નવા કેડર સ્ટ્રેન્થ પ્રમાણેની હંગામી જગ્યા |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧ | નાયબ નિયામક | ૩૧ | ૩૮ | ૨૦ | ૧૧ | ૧૮ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૪૦ | ૪૯ | ૨૨ | ૧૮ | ૨૭ |
| ૩ | આચાર્ય | ૨૧ | ૨૮ | ૦ | ૨૧ | ૨૮ |
| ૪ | મદદ.સમાજ કલ્યાણ અધિ | ૧૭૬ | ૧૯૩ | ૧૦ | ૧૬૬ | ૧૮૩ |
| ૫ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૨૫૩ | ૨૬૧ | ૧૫૯ | ૯૪ | ૧૦૨ |
| ૬ | સીનીયર કલાર્ક | ૯૯ | ૧૧૩ | ૩૧ | ૬૮ | ૮૨ |
| ૭ | જુનીયર કલાર્ક | ૨૨૧ | ૨૩૩ | ૧૮૬ | ૩૫ | ૪૭ |
| ૮ | મદદ.શિક્ષક(ઉ.મા) | ૧૦૨ | ૧૧૭ | ૦ | ૧૦૨ | ૧૧૭ |
| ૯ | મદદ.શિક્ષક(મા) | ૯૩ | ૧૨૧ | ૦ | ૯૩ | ૧૨૧ |
|  | કુલ | ૧૦૩૬ | ૧૧૫૩ | ૪૨૮ | ૬૦૮ | ૭૨૫ |

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા:૧૭/૦૮/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની નીચે પત્રક-૨માં દર્શાવેલ ૧૦૧ માસિક ફીકસ પગારવાળી જગ્યાઓને જગ્યા ભર્યા તારીખથી વધુ ૧૧ માસ માટે ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

પત્રક-૨ માસિક ફીક્સ પગારવાળી જગ્યાઓ

| ક્રમ | સંવર્ગનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચોકીદાર (ફીપ૬૦૦/-) | ૧૧ |
| ૨ | હેલ્પર (ફીપ૬૦૦/-) | ૬ |
| ૩ | રસોડા કામદાર (ફીપ૬૦૦/-) | ૫ |
| ૪ | પટાવાળા (ફીપ૬૦૦/-) | ૧ |
| ૫ | વોચમેન (ફીપ૧૨૦૦/-) | ૩ |
| ૬ | સફાઇ કામદાર (રોજમદાર ફીપ૧૨૦૦/-) | ૨ |
| ૭ | ડેપ્યુટી વોર્ડન | ૩૫ |
| ૮ | વીઝીટીંગ ડોકટર (માસિક રૂ.૧૫૦/-) | ૧૭ |
| ૯ | ધોબી કોન્ટ્રાકટર (માસિક રૂ.૪૦૦/-) | ૧૫ |
| ૧૦ | રસોડા કામદાર (ઉ.પગાર રૂ.૬૦૦) | ૩ |
| ૧૧ | હમાલ (ઉચ્ચક પગાર રૂ.૬૦૦) | ૩ |
| | કુલ | ૧૦૧ |

- ૧૧ માસના કરાર આધારિત જગ્યાઓ જગ્યા ભર્યા તારીખથી ૧૧ માસ પૂરા થાય તે પહેલા જગ્યા ચાલુ રાખવા અંગે નાણા વિભાગની મંજૂરી મેળવી લેવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

1. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
3. પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
4. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
5. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સિલેક્ટ ફાઈલ-૨૦૨૧.
7. સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
   (ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.)